દેશનાં 3 રાજ્યોમાં મોડી રાત્રે ભૂકંપનાં આંચકા અનુભવાયા

નવીદિલ્હી,

દેશમાં કોરોનાનાં કેસ ઓછા થઈ રહ્યા છે, ત્યારે હવે ભૂકંપનાં આંચકાઓ લોકોને ડરાવી રહ્યા છે. જણાવી દઈએ કે, શુક્રવારે સવારે દેશનાં ત્રણ પૂર્વોત્તર રાજ્યોમાં ભૂકંપનો આંચકો આવ્યો હતો. સાંજે જમ્મુ-કાશ્મીરનાં ઘણા વિસ્તારોમાં ભૂકંપનાં આંચકા અનુભવાયા હતા.

શુક્રવારે જુદા જુદા સમયે શુક્રવારે દેશનાં ૩ પૂર્વોત્તર રાજ્યોમાં ભૂકંપનાં આંચકા અનુભવાયા હતા. તેમાં આસામનાં સોનીતપુર, મણિપુરનાં ચંદેલ, મેઘાલયની પશ્ચિમ ખાસી હિલ્સનાં ક્ષેત્રનો સમાવેશ થાય છે. નેશનલ સિસ્મોલોજીએ આ માહિતી આપી છે. મળતી માહિતી મુજબ સવારે ૪.૨૦ વાગ્યે મેઘાલયની પશ્ચિમ ખાસી હિલ્સમાં ભૂકંપનાં આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૨.૬ માપવામાં આવી હતી. આસામનાં સોનીતપુરમાં રાત્રે ૨ વાગ્યે ભૂકંપનો આંચકો આવ્યો હતો. અહીં તેની સૌથી વધુ તીવ્રતા ૪.૧ માપવામાં આવી હતી. મણિપુરનાં ચંદેલમાં રાત્રે ૧.૦૬ વાગ્યે ૩.૦૪ ની તીવ્રતાનો ભુકંપ અનુભવાયો હતો.

આ પહેલા ગુરુવારે ૧૧ દિવસમાં બીજી વખત જમ્મુ-કાશ્મીરમાં સાંજે ૭.૪૯ વાગ્યે ભૂકંપ આવ્યો હતો. તેની રિક્ટર સ્કેલ પર તીવ્રતા ૪.૮ માપવામાં આવી. અત્યાર સુધી જૂન મહિનામાં જમ્મુમાં ત્રણ વખત ભૂકંપ આવી ચુક્યો છે. આ અગાઉ ૬ જૂને, ૨.૪ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. આ અગાઉ ૩૧ મેનાં રોજ રાત્રે ૯:૫૪ વાગ્યે રાજધાની દિલ્હીમાં ભૂકંપનાં આંચકા અનુભવાયા હતા. ભૂકંપની અસર રાજધાનીનાં રોહિણી વિસ્તારમાં નોંધાઈ હતી. તેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૨.૪ માપવામાં આવી હતી. તે ઓછી

બીજી લહેરમાં બાળકોમાં પણ વયસ્કો જેટલું સંક્રમણ

નવી દિલ્હી,

કોરોનાની બીજી લહેરમાં મોટી સંખ્યામાં બાળકો સંક્રમિત થયા છે. બાળકો અને વયસ્કોમાં સંક્રમણનું પ્રમાણ લગભગ સરખું છે. એમ્સના એક સીરો સર્વેના સ્ટડીમાં તેનો ખુલાસો થયો છે. પહેલીવાર સીરો સર્વેમાં બાળકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ સર્વેના આધારે એમ્સના ડૉક્ટરોનું કહેવું છે કે પરિણામ દર્શાવી રહ્યા છે કે બાળકોમાં પણ સંક્રમણ ઘણું વધારે છે અને જો ત્રીજી લહેર આવે છે, તો તેમને પણ ખતરો છે. જો વાયરસમાં વધારે મ્યુટેશન હોય છે, માત્ર બાળકો નહીં પરંતુ વયસ્કો માટે પણ તે ખતરનાક છે. આ સર્વેમાં કુલ ૪૫૦૯ લોકોએ ભાગ લીધો હતો. જેમાં ૩૮૦૯ એડલ્ટ અને ૭૦૦ બાળકો હતા. વૃદ્ધોમાં પોઝિટિવિટી રેટ ૬૩.૫% નોંધાયો છે અને બાળકોમાં આ ૫૫.૭% હોવાનું સામે આવ્યું છે. સ્ટડી કરનાર એમ્સના કમ્યુનિટી મેડિસિનના ડૉક્ટર પુનીત મિશ્રાએ કહ્યું કે આ આંકડો દર્શાવે છે કે જેટલું વધારે સંક્રમણ વયસ્ક વ્યક્તિમાં મળ્યું છે તેટલું જ બાળકોમાં પણ મળ્યું છે. માટે જ કહેવામાં આવે છે કે બાળકોને કોરોના થાય ત્યારે તેને હળવામાં લેવાની કોશિશ કરવાના બદલે ડૉક્ટરની મદદ લેવી જોઈએ, નહીં કે જાતે ડૉક્ટર બનવું જોઈએ.

ડૉ. પુનીત મિશ્રાએ કહ્યું કે જે પ્રકારના રિપોર્ટ છે, તેના આધારે એ કહેવાય છે કે જો ભવિષ્યમાં કોઈ ત્રીજી લહેર આવે છે તો બાળકો પર તેની અસર પ્રતિકૂળ હશે. વધારે પ્રભાવ પડવાની સંભાવના છે. કારણ કે જે સ્તર પર સંક્રમણ છે, લગભગ એટલું એટલું જ સંક્રમણ બાળકોમાં થયું છે.

ડૉ. પુનીતે કહ્યું કે જો વાયરસમાં વધારે મ્યુટેશન હોય તો બાળકોને જ નહીં વયસ્કને પણ એટલો જ ખતરો છે. એમ્સના એક સર્વેમાં યુપીના ગોરખપુરનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. ડૉ. પુનીતે કહ્યું કે ગોરખપુરમાં સીરો સર્વેલન્સ દર ઘણો હાય આવ્યો છે.અહીં કુલ સીરો પોઝિટિવ ૮૭.૯ ટકા આવ્યો છે. રથી ૧૮ વર્ષના બાળકો વચ્ચે પોઝિટિવ દર ૮૦.૬% અને ૧૮ વર્ષથી ઉપરનામાં તે ૯૦.૩% હોવાનું સામે આવ્યું છે. ડૉક્ટરનું કહેવું છે કે આટલા સીરો પોઝિટિવ મળ્યા બાદ થર્ડ વેવ ના આવવી જોઈએ.

૭ જોડી સ્પેશિયલ ટ્રેનની સેવાઓ વિસ્તૃત

અમદાવાદ,

રેલતંત્ર દ્વારા મુસાફરોની સુવિધા માટે અમદાવાદ - યશવંતપુર, ગાંધીધામ - કેએસઆર બેંગલુરુ, જોધપુર - કેએસઆર બેંગલુરુ, યશવંતપુર - જયપુર અને અજમેર અને મૈસૂર વચ્ચે દોડતી ટ્રેન સેવાઓ વિસ્તૃત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી દીપક કુમાર ઝાના જણાવ્યા અનુસાર, ઉપરોક્ત વિસ્તૃત ટ્રેનોની વિગતો નીચે મુજબ છે: ૧.ટ્રેન નંબર ૦૬૫૦૧ અમદાવાદ - યશવંતપુર સ્પેશિયલ સાપ્તાહિક (પ્રતિ મંગળવાર) ૨૯ જૂન, ૨૦૨૧થી આગળની સૂચના સુધી વિસ્તારિત કરવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૬૫૦૨ યશવંતપુર-અમદાવાદ સ્પેશિયલ સાપ્તાહિક (પ્રતિ રવિવાર) ૨૭ જૂન, ૨૦૨૧થી આગળની સૂચના સુધી વિસ્તારિત કરવામાં આવી છે. ૨.ટ્રેન નંબર ૦૬૫૦૫ ગાંધીધામ-કેએસઆર બેંગલુરુ સ્પેશિયલ સાપ્તાહિક (પ્રતિ મંગળવાર) ૨૯ જૂન, ૨૦૨૧થી આગળની સૂચના સુધી વિસ્તારિત કરવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૬૫૦૬ કેએસઆર બેંગલુરુ-ગાંધીધામ સ્પેશિયલ સાપ્તાહિક (પ્રતિ શનિવાર) ૨૬ જૂન, ૨૦૨૧થી આગળની સૂચના સુધી વિસ્તારિત કરવામાં આવી છે. ૩. ટ્રેન નંબર ૦૬૫૦૮ કેએસઆર બેંગલુરુ - જોધપુર સ્પેશિયલ દ્રી સાપ્તાહિક (પ્રતિ બુધવાર અને સોમવાર) ૩૦ જૂન, ૨૦૨૧થી આગળની સૂચના સુધી વિસ્તારિત કરવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૬૫૦૭ જોધપુર - કેએસઆર બેંગલુરુ સ્પેશિયલ સાપ્તાહિક (પ્રતિ શનિવાર અને ગુરુવાર) ૩ જુલાઈ, ૨૦૨૧થી આગળની સૂચના સુધી વિસ્તારિત કરવામાં આવી છે. ૪. ટ્રેન નંબર ૦૬૨૧૦ મૈસૂર-અજમેર સ્પેશિયલ દ્રી સાપ્તાહિક (દર મંગળવાર અને ગુરુવાર) ૨૯ જૂન, ૨૦૨૧થી આગળની સૂચના સુધી વિસ્તારિત કરવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૬૨૦૯ અજમેર - મૈસૂર સ્પેશિયલ દ્રી સાપ્તાહિક (પ્રતિ શુક્રવાર અને રવિવાર) ૨ જુલાઈ, ૨૦૨૧થી આગળની સૂચના સુધી વિસ્તારિત કરવામાં આવી છે. ૫. ટ્રેન નંબર ૦૬૫૨૧ યશવંતપુર - જયપુર ફેસ્ટિવલ સ્પેશિયલ સાપ્તાહિક (પ્રતિ ગુરુવાર) ૨૪ જૂન, ૨૦૨૧થી આગળની સૂચના સુધી વિસ્તારિત કરવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૬૫૨૨ જયપુર - યશવંતપુર ફેસ્ટિવલ સ્પેશિયલ સાપ્તાહિક (પ્રતિ શનિવાર) ૨૬ જૂન, ૨૦૨૧થી આગળની સૂચના સુધી વિસ્તારિત કરવામાં આવી છે. ૬. ટ્રેન નંબર ૦૬૨૦૫ કેએસઆર બેંગલુરુ - અજમેર ફેસ્ટિવલ સ્પેશિયલ સાપ્તાહિક (પ્રતિ શુક્રવાર) ૨૫ જૂન, ૨૦૨૧થી આગળની સૂચના સુધી વિસ્તારિત કરવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૬૨૦૬ અજમેર – કેએસઆર બેંગલુરુ સ્પેશિયલ સાપ્તાહિક (પ્રતિ સોમવાર) ૨૮ જૂન, ૨૦૨૧થી આગળની સૂચના સુધી વિસ્તારિત કરવામાં આવી છે. ૭. ટ્રેન નંબર ૦૬૫૩૪ કેએસઆર બેંગલુરુ – જોધપુર ફેસ્ટિવલ સ્પેશિયલ સાપ્તાહિક (દર રવિવાર) ૨૭ જૂન, ૨૦૨૧થી આગળની સૂચના સુધી વિસ્તારિત કરવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૬૫૩૩ જોધપુર – કેએસઆર બેંગલુરુ સ્પેશિયલ સાપ્તાહિક (પ્રતિ બુધવાર) ૩૦ જૂન, ૨૦૨૧થી આગળની સૂચના સુધી વિસ્તારિત કરવામાં આવી છે.

ટ્રેનોના સ્ટોપેજ, ઓપરેટિંગ ટાઈમ, સ્ટ્રક્ચર, ફ્રિક્વન્સી અને ઓપરેશનલ દિવસો ની વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત કરી શકે છે.

બાંદ્રા ટર્મિનસ બિકાનેર સ્પેશ્યલ ટ્રેનોના ફેરા પુનઃ શરૂ

અમદાવાદ,

યાત્રીઓની સુવિધા અને તેમની યાત્રાની માંગ ને પુરી કરવા માટે બાંદ્રા ટર્મિનસ બિકાનેર સ્પેશ્યલ ટ્રેનોના ફેરા પુનઃ શરૂ કરવામાં આવી રહ્યા છે, જયારે ૪ જોડી તહેવાર સ્પેશ્યલ ટ્રેનોના ફેરા પણ વધારવામાં આવી રહ્યા છે.

ડિવિજન રેલ્વે મેનેજર અમદાવાદ શ્રી દિપકકુમાર ઝાના જણાવ્યા મુજબ આ ટ્રેનોની વિગતો નીચે આપેલ છે: -

ટ્રેનો પુનઃ શરૂ ટ્રેન સંખ્યા : ૦૨૪૭૪/૦૨૪૭૩ બાંદ્રા ટર્મિનસ-બિકાનેર (સાપ્તાહિક) વિશેષ ટ્રેન વિશેષ ભાડા સાથે

ટ્રેન સંખ્યા :૦૨૪૭૪/૦૨૪૭૩ બાંદ્રા ટર્મિનસ-બિકાનેર (સાપ્તાહિક) વિશેષ ટ્રેનોના ફેરાને જેને પેહલા રદ કરવામાં આવ્યા હતા, હવે પુનઃ શરૂ કરવામાં આવી છે, ટ્રેન નં : ૦૨૪૭૪ બાંદ્રા ટર્મિનસ-બિકાનેર વિશેષ ટ્રેન હવે ૨૨,જૂન ૨૦૨૧ થી ૨૯,જૂન ૨૦૨૧ સુધી ચાલશે. આજ રીતે ટ્રેન નં :૦૨૪૭૩ બિકાનેર -બાંદ્રા ટર્મિનસ સ્પેશ્યલ ટ્રેન હવે ૨૧,જૂન ૨૦૨૧ થી ૨૮, જૂન ૨૦૨૧ સુધી ચાલશે.

ટ્રેનો નું વિસ્તરણ - ૧.ટ્રેન સંખ્યા : ૦૬૩૩૭/૦૬૩૩૮ ઓખા-અર્નાકુલમ (દ્વિ સાપ્તાહિક)તહેવાર વિશેષ ટ્રેન ખાસ ભાડા સાથે

ટ્રેન સંખ્યા : ૦૬૩૩૭ ઓખા-અર્નાકુલમ જંકશન સ્પેશ્યલ ટ્રેનોના ફેરા નું વિસ્તરણ કરવામાં આવ્યું છે હવે આ ટ્રેન ૫ જુલાઈ ૨૦૨૧ થી ૮, નવેમ્બર ૨૦૨૧ સુધી દર સોમવાર અને શનિવાર ચાલશે . આજ પ્રમાણે ટ્રેન સંખ્યા ૦૬૩૩૮ અર્નાકુલમ જંકશન-ઓખા સ્પેશ્યિલ ટ્રેનોના ફેરાનું વિસ્તરણ કરવામાં આવ્યું છે. હવે આ ટ્રેન ૨, જુલાઈ ૨૦૨૧ થી ૫, નવેમ્બર ૨૦૨૧ સુધી દર શુક્રવાર અને બુધવારે ચાલશે .

ઘરે મા મૃત બાળકને ઉઠાડતી રહી, ચાલવા લાગ્યો શ્વાસ

બહાદુરગઢ,

હરિયાણામાં બહાદુરગઢ કિલ્લા મહોલ્લાના નિવાસી વિજય શર્માના પૌત્ર કુણાલ શર્માને ૨૬મેના રોજ દિલ્હીની એક હોસ્પિટલમાં ડોકટરોએ મૃત જાહેર કર્યો હતો. આટલું જ નહીં, બાળક મરી ગયું હોવાનું કહીને, તેને પેક કરીને પરિવારના સભ્યોને સોંપી દેવામાં આવ્યો, પરંતુ એક ચમત્કાર થયો. ઘરે ગયા પછી, તે બાળક ફરીથી જીવતો થઈ ગયો. હવે બાળક રોહતકની ખાનગી હોસ્પિટલથી તેના ઘરે પહોંચ્યો છે.

ઉલ્લેખનીય છે કે, જયારે માતપિતા ચારે બાજુથી નિરાશ થઈ બાળકને લઈ બહાદુરગઢ પોતાના ઘરે પહોંચ્યા હતા, ત્યારે માતા જાન્હવી અને બાળકની તાઈ અન્નુએ તેને ફરીવાર રડતાં-રડતા હલાવી ઉઠાડવાનો પ્રયત્ન કર્યો અને પ્રેમથી તેને બોલાવ્યો. મા વારંવાર તેને પ્રેમથી ઉઠાડતી રહી. થોડા જ સમયમાં બાળકનો શ્વાસ ફરી ચાલવા લાગ્યો.

બાળકના પિતા કુણાલને લઈ પોતાના સાળાના ઘરે પહોંચ્યા અને ત્યાં જ તેના અંતિમ સંસ્કાર કરવાની તૈયારી ચાલી રહી હતી, પરંતુ દાદીએ જીદ કરતા કહ્યું કે, તેમણે તેના પૌત્રનો અંતિમ ચહેરો જોવો છે અને તેને વતનમાં ઘરે લાવવામાં આવે. તો કુણાલના પિતા બાળકની ડેડબોડીને ઘરે લાવ્યા.

જો દાદી કૃણાલનો ચહેરો જોવાની જીદ ન કરી હોત, તો કૃણાલનો અંતિમ સંસ્કાર કરવામાં આવ્યો હોત. થોડા સમય પછી કુણાલના શરીરમાં થોડી હિલચાલ જોવા મળી, તો પરિવારને આશા મળી. આ પછી પિતા હિતેશે ચાદરનાં પેકિંગમાંથી બાળકનો ચહેરો બહાર કાઢ્યો અને મોથી પોતાના લાડલાને શ્વાસ આપવાનું શરૂ કર્યું. થોડા સમય પછી, જ્યારે કૃણાલના શરીરમાં થોડી હિલચાલ જોવા મળી, તો એક પાડોશી સુનિલે બાળકની છાતી દબાવવાની શરૂ કરી. આ પછી, હિલચાલ વધતા પરિવાર બાળકને ૨૬ મેની રાત્રે રોહતકની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા, જ્યાં ડોકટરોએ તેની બચવાની માત્ર ૧૫ ટકા સંભાવના જણાવી, પરંતુ તે ધીમે ધીમે તે સ્વસ્થ થઈ ગયો અને મંગળવારે તેના ઘરે પહોંચી ગયો.

બીજેપી છોડીને ટીએમસીમાં ગયેલા મુકુંદ રોયની સુરક્ષા ગૃહમંત્રાલયે પાછી ખેંચી લીધી

(એજન્સી)નવીદિલ્હી,

ભારતીય જનતા પાર્ટી છોડીને તુણમુલ કોંગ્રેસમાં સામેલ થયેલા મુકુલ રોયની ઝેડ કટેગરીની સુરક્ષા ગૃહમંત્રાલયે પાછી ખેંચી લીધી છે. મુકુંદ રોયે ટીએમસીમાં ઘરવાપસી કરતા શનિવારે ગૃહમંત્રાલયને પત્ર લખીને તેમની સીઆરપીએફ સુરક્ષા પાછી લઈ લેવા જણાવ્યુ હતુ. જેના કારણે ટીએમસી નેતા મુકુલ રોયની સુરક્ષા હટાવવાને લઈને ગૃહમંત્રાલયે કાલે જ આદેશ જારી કરી દીધો હતો.

ગૃહમંત્રાલય દ્વારા પહેલાં મુકુંદ રોયના બેટા સુભાંષુની કેન્દ્રીય સુરક્ષા પણ પાછી લઈ લેવામાં આવી છે. ત્યારથી માનવામાં આવતુ હતુ કે મુકુલ રોયની પણ સુરક્ષા પાછી ખેંચી લેવામાં આવશે. હાલ મુકુંદ રોય અને તેમના પુત્રને બંગાળ સરકાર દ્વારા સુરક્ષા આપવામાં આવી રહી છે.

વેલ્થસ્ટ્રીટ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ
રજી. ઓફિસ : એ-૧૧૦૧, મોનડીલ હાઈટસ, ૧૧મો માળ, વાઈડ એંગલની બાજુમાં, એસ.જી.હાઈવે, અમદાવાદ - ૩૮૦૦૧૫. ગુજરાત.
CIN.: U74999GJ2016PTC094432 |E.: info@wealthstreet.in | P.: 079-66775500

પબ્લીક નોટીસ

"વેલ્થસ્ટ્રીટ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા, કોર્પોરેટ એજન્સીને સોંપણી કરવા સંદર્ભે અરજી કરવામાં આવી છે, જેનો લાઈસન્સ નં. CA0589 છે, અને કોર્પોરેટ એજન્સી બંધ થવાની હંગામી તારીખ : ૨૨ જૂન, ૨૦૨૧ છે. અમારી ગ્રુપ કંપની જે, વેલ્થસ્ટ્રીટ ઈન્સુરન્સ બ્રોકર્સ પ્રાઈવેટ લિમિટેડ (CIN: U66000GJ2019PTC110940) થી ઓળખાય છે, તેણે ઈન્સુરન્સ બ્રોકીંગ લાઈસન્સ માટે અરજી કરેલ છે તેમજ કોર્પોરેટ એજન્સીના તમામ ગ્રાહકોને વેલ્થસ્ટ્રીટ ઈન્સુરન્સ બ્રોકર્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા સેવા પૂરી પાડવામાં આવશે."

વતી, વેલ્થસ્ટ્રીટ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ
સ્થળ : અમદાવાદ — સહી/- અજય આર. સરઓગી, ડાયરેકટર
તારીખ : ૧૮ જૂન, ૨૦૨૧ — DIN: 00086226

ડો. ચિરાગ પટેલ
M.B.B.S., M.S. (Ortho)
FISS Arthroscopy
(ખભા અને ઘૂંટણના રોગના નિષ્ણાંત)
Sports Injury & Arthritis Clinic
આધુનિક પધ્ધતિથી દૂરબીન દ્વારા (ચીરા વગર) સાંધાના ઓપરેશન કરવાના નિષ્ણાંત સર્જન
(હવે ઉપલબ્ધ છે તમારા આંણદ શહેરમા...)
શું તમે નીચે દર્શાવેલ સમસ્યાથી પીડાઈ રહ્યા છો ?
- ખભાનો સાંધો વારંવાર ખસી જવો (Dislocation)
- ખભો જકડાઈ જવો (Frozen Shoulder)
- ખભા/ઘૂંટણના સ્નાયુ, તાણીયા કે ગાદીની ઈજા (Ligament /Tendon Injury)
- ખભા કે ઘૂંટણમાં ઘસારો કે ઈજા (Arthritis)
- રમતગમતમાં થયેલ ઈજા (Sports Injury)

સમય : દર શનિવારે (સવારે ૧૦ થી ૧) — એપાઈન્ટમેન્ટ નંબર
પરીમલ હેલ્થ કેર, નયાપડકાર પ્રેસની બાજુમાં, સ્ટેશન રોડ, આણંદ-૩૮૮૦૦૧ — +91 8200692743, +91 2692255383
સાંઈ ઓર્થોપેડીક હોસ્પીટલ, (સોમ થી શનિ) યશ કોમ્પલેક્ષની સામે, ગોત્રી રોડ, વડોદરા-૩૯૦૦૨૧

GUJARAT CONTAINERS LIMITED
CIN: L28120GJ1992PLC017081
Regd. Office: Plot no. 488, Baroda – Savli Highway, Vill. Tundav, Tal. Savli, Dist. Vadodara – 391 775, Tel. (2667) 262084, 262220
Email: cs@gujaratcontainers.com Website : www. gujaratcontainers.com

NOTICE

Notice is hereby given that pursuant to Regulation 29 read with Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 that the Meeting of the Board of Directors of the Company is scheduled to be held on Monday, the 28th June, 2021 at 4.30 p.m. onwards at its Corporate Office at 201-202, Alkapuri Arcade, "B" Wing, R.C. Dutt Road, Opp. Welcome Hotel, Vadodara – 390 007, to consider inter alia, the audited Financial Results of the Company for the year and Quarter ended 31st March, 2021.

This information is also available on the Company's website www.gujaratcontainers.com and BSE website www.bseindia.com.

Date : 18-06-2021
Place : Vadodara

For Gujarat Containers Limited
Sd /- Narendra D. Shah
Company Secretary &Compliance officer

ALFA ICA (INDIA) LIMITED
CIN: L20100GJ1991PLC016763
Regd. Office: UMA INDUSTRIAL ESTATE, VILLAGE: IAWA, SANAND AHMEDABAD, GUJARAT Tel: 079-26754030-31
Fax: +91-79 26754040. E-mail: info@alfaica.com
Website: www.alfaica.com

NOTICE

Notice is hereby given that, in terms of Regulation 29 read with Regulation 47 of the SEBI (Listing Obligations & Disclosure Requirements) Regulations, 2015, a meeting of the Board of Directors of the company is scheduled to be held on Tuesday, 29th June, 2021 at 03.00 P.M. at the corporate office of the company to inter alia consider and take on record the Audited Financial Results for the Quarter and year ended on 31st March, 2021.
This intimation is also available on the website of the Company www.alfaica.com, as well as on the website of the Bombay Stock Exchange Limited **www.bseindia.com.**

For ALFA ICA (INDIA) LIMITED
Sd/- **(Rishi Tikmani)**
Whole-time Director
(DIN: 00638644)
Place : Ahmedabad
Date : 18.06.2021

વેસ્ટર્ન ટાઇમ્સ
વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.
-જાહેરખબર મેનેજર

મુથૂટ ફિનકોર્પ લિમિટેડ
હરાજીની તારીખમાં ફેરફાર

અમેઅહીં અમારા બધા ગ્રાહકોને જાણ કરીએ છીએ કે - તા. 21.04.2021 ના "વેસ્ટર્ન ટાઇમ્સ અને વેસ્ટર્ન ટાઇમ્સ" અખબારો માં હરાજીની જાહેરાત ગીર Anand, Dahod, Kheda, Narmada, Panch Mahals & Vadodara જિલ્લાઓની હરાજી જે તા. 08.05.2021 & 10.05.2021 ના રોજ શાખાઓમાં અને તા. 30.06.2021 & 01.07.2021 ના તે જ હરાજી કેન્દ્રમાં કરવામાં આવશે
મુથૂટ ફિનકોર્પ લિમિટેડ માટે

મુથૂટ ફિનકોર્પ લિમિટેડ
હરાજીની તારીખમાં ફેરફાર

અમેઅહીં અમારા બધા ગ્રાહકોને જાણ કરીએ છીએ કે - તા. 17.04.2021 ના "વેસ્ટર્ન ટાઇમ્સ અને વેસ્ટર્ન ટાઇમ્સ" અખબારો માં. હરાજીની જાહેરાત ગીર Aravalli, Banaskantha, Gandhinagar, Mehsana, Patan, Sabarkantha & Ahmedabad જિલ્લાઓની હરાજી જે તા. 06.05.2021 & 07.05.2021 ના રોજ શાખાઓમાં અને તા. 28.06.2021 & 29.06.2021 ના તે જ હરાજી કેન્દ્રમાં કરવામાં આવશે
મુથૂટ ફિનકોર્પ લિમિટેડ માટે

હિરો ફીનકોર્પ લીમીટેડ
Hero FinCorp.
CIN : U74899DL1991PLC046774
રજી. ઓફીસ : ૩૪, કોમ્યુનીટી સેન્ટર, બસંત લોક, વસંત વિહાર, ન્યુ દિલ્હી-૧૧૦૦૫૭, ફોન નં.૦૧૧-૪૯૪૮ ૭૧૫૦, ફેક્સ:૦૧૧-૪૯૪૮ ૭૧૫૦
ઇમેઇલ : litigation@herofincorp.com, વેબસાઇટ : www.herofincorp.com

સિક્યોરિટિ અસ્કયામતોનું સિક્યોરિટિઝેશન અને પુનઃનિર્માણ અને સિક્યોરિટી ઇન્ટરસ્ટ એક્ટ, ૨૦૦૨ના અમલીકરણની કલમ ૧૩ (૨) હેઠળની નોટિસ

આથી નોટીસ દ્વારા જણાવવાનું કે :
૧. **મેસર્સ હેતવી એન્ટરપ્રાઇસ (દેવાદાર)**, જેની ઓફીસ જીએફ-૧, પીયુરાજ સ્વસ્તિક ચાર રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૦૯ અને હાલ રહે ૧૨-એ, મીડોવ્સ એસો. વ્રજગોપી વિલા-૨ પાસે, પલોડીયા, અમદાવાદ-૩૮૦૦૫૮.
૨. **મેસર્સ વર્મા ફર્નિસિંગ (સહ-દેવાદાર)**, જેની ઓફીસ ૯ એક્સિસ હોમ-૨, ઇસ્કોન પ્લેટીનમ પાસે, આંબલી, અમદાવાદ-૩૮૫૪૨૦ અને હાલ રહે. ૧૨-એ, મીડોવ્સ એસો. વ્રજગોપી વિલા-૨ પાસે, પલોડીયા, અમદાવાદ-૩૮૦૦૫૮.
૩. **શ્રી. નિખીલ મહેન્દ્ર વર્મા (સહ-દેવાદાર)**, જેઓ રહે. ૧૨-એ, મીડોવ્સ એસો. વ્રજગોપી વિલા-૨ પાસે, પલોડીયા, અમદાવાદ-૩૮૦૦૫૮.
૪. **શ્રી. રચનાદેવી મહેન્દ્ર વર્મા (સહ-દેવાદાર)**, જેઓ રહે. ૧૨-એ, મીડોવ્સ એસો. વ્રજગોપી વિલા-૨ પાસે, પલોડીયા, અમદાવાદ-૩૮૦૦૫૮.

ઉપરોક્ત દેવાદારોને **બે લોન કરારની તા.૨૯.૦૪.૨૦૧૬ અને લોન કરાર તારીખ ૦૮.૦૯.૨૦૧૬ બન્ને** મુજબ **મેસર્સ હિરો ફિનકોર્પ લિમિટેડ** (જેને પછી "એચએફસીએલ" તરીકે ઓળખવામાં આવે છે), તેની રજિસ્ટર્ડ ઓફિસ ૩૪, કોમ્યુનિટી સેન્ટર, બસંત લોક, વસંત વિહાર, નવી દિલ્હી-૧૧૦૦૫૭, ક્રેડિટ સુવિધા મેળવવા માટે રૂ. ૧,૪૫,૦૦,૦૦૦/-(રૂપિયા. એક કરોડ પીસ્તાલીસ લાખ ફક્ત)અને રૂા.૧,૨૫,૦૦,૦૦૦/- (એક કરોડ પચ્ચીસ લાખ ફક્ત)ની એચ.એફ.સી.એલ. પાસેથી નીચે જણાવેલ મિલકતોના ગીરો સામે અને વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે લોનની ચુકવણીમાં ડિફોલ્ટ જાહેર કરવામાં આવે છે.

૧. **રહેણાંક મિલકત પ્લોટ નં.૧૨-એ, રાધે નિવાસ મીડોઝ રીટ્રેટ ઓનર્સ એસોસીએશન, બ્લોક નં.૧૫૩, મોજે : પલોડીયા, તાલુકા : કલોલ, જીલ્લો : ગાંધીનગર, આશરે ૫૭૭.૫૭ સ્કે.મીટર્સ અને તેના પર બાંધકામ**
૨. **યુનિટ નં.૧, ગ્રાઉન્ડ ફ્લોર, "પીયુરાજ ચેમ્બર્સ", પીયુરાજ એસોસીએશન, ટીપીએસ નં.૩, એફપી નં.૩૧૭, એસપી નં.૨, મોજે : ચંગીસપુર, તાલુકા : સાબરમતી, જીલ્લો : અમદાવાદ, આશરે ૮૩૫ સ્કે.ફૂટ્સ સુપર બિલ્ટ-અપ**

ઉપર જણાવેલી મિલકતો પછીથી **"સિક્યોર્ડ એસેટ"** તરીકે ઓળખવામાં આવશે. સિક્યોર્ડ એસેટને એચએફસીએલને ગીરો / જામીનગીરી તરીકે ગીરવે રાખવામાં આવી છે જેથી વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે મળીને લોનની પુનઃ ચુકવણી સુરક્ષિત થઈ શકે. આ સંદર્ભમાં, ૧૩(૨) હેઠળ સિક્યોરિટાઈઝેશનની રિકન્સ્ટ્રક્શન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી વ્યાજ અધિનિયમ, ૨૦૦૨ (પછીથી "સરફેસી એક્ટ, ૨૦૦૨" તરીકે ઓળખવામાં આવે છે)ની માંગ નોટિસ, છેલ્લા જાણીતા સરનામાંઓ પર મોકલવામાં આવી હતી. ઉપરોક્ત દેવાદાર, ગીરો મુકનાર અને એચએફસીએલ સાથે બાંયધરી આપનારને નોટીશ પાઠવેલ હતી. અને જે અનડીલીવર પરત ફરેલ છે.

આ પ્રકાશન દ્વારા, એચ.એફ.સી.એલ. દ્વારા ફરી એક વાર **મેસર્સ હેતવી એન્ટરપ્રાઇસ (દેવાદાર), મેસર્સ વર્મા, ફર્નિસીંગ (સહ-દેવાદાર), શ્રી. નિખીલ મહેન્દ્ર વર્મા (સહ-દેવાદાર) અને શ્રી. રચનાદેવી મહેન્દ્ર વર્મા (સહ-દેવાદાર)**ની તા.૧૩.૦૪.૨૦૨૧ સુધીના **રૂ. ૧,૯૨,૯૧,૭૩૫.૮૦/- (રૂપિયા એક કરોડ બાણું લાખ એકયાસી હજાર સાતસો પાત્રીસને એંસી પૈસા માત્ર)**આ નોટિસ પ્રકાશીતના ૬૦ દિવસની અંદર ચૂકવવામાં નિષ્ફળ રહે તો એચએફસીએલ દેવાદર અને/અથવા બાંયધરી આપનારની સિક્યોર્ડ એસેટના કબજો અને વેચાણ સહિતની સિક્યોર્ડ એસેટની વિરુદ્ધ સરફેસી એક્ટ, ૨૦૦૨ની તમામ અથવા કોઈપણ જોગવાઈ હેઠળ તમામ જરૂરી પગલાં લેશે અને કોઈપણ અન્ય ક્રિયા અથવા રાહત તરીકે સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ પ્રદાન કરવામાં આવી શકે છે.

વધુમાં, સરફેસી એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩ (૧૩) ની જોગવાઈઓ મુજબ, લેણદાર, ગીરોમુકનાર અને જામીન આપનારને અહીં ઉપરોક્ત સિક્યોર્ડ એસેટ સાથે વેચાણ / ભાડાપેટે અથવા સોદા દ્વારા વેચાણ / પરિવહન કરવા અથવા દૂર કરવા માટે પ્રતિબંધ છે. કોઈપણ રીતે, ઉપરોક્ત લોન કરારો અને / અથવા સરફેસી એક્ટ, ૨૦૦૨ ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરી શકાશે નહિં.

આથી જાહેર જનતાને એવી માહિતી આપવામાં આવે છે કે ઉપરોક્ત ગીરોવાળી સંપત્તિ સાથે, કોઈપણ રીતે વ્યવહાર કરવો નહીં. કરશે